Pages 8 કિંમત Rs. 2/- email : westerntimesguj@gmail.com www.westerntimesnews.in

# વેસ્ટર્ન ટાઇમ્સ

અમદાવાદથી પ્રસિધ્ધ થતું અંગ્રેજી અને ગુજરાતી દૈનિક

સ્થાપક તંત્રી: સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ WESTERN TIMES (AHMEDABAD) ગુજરાતી ડેઈલી

Postal Reg. No. G-GNR-320
Valid upto 31-12-2026
Posting at RMS Ahmedabad

શુક્રવાર, તા.૧૩, ફેબ્રુઆરી ૨૦૨૬
13/2/2026 * VOL : 40 * NO. 150 સંવત- ૨૦૮૨, મહા વદ-૧૧

Owned, Printed & Published by Nikunj R. Patel on behalf of Western Times Pub. Pvt. Ltd. Printed at & Published from Western Times Pub. Pvt. Ltd. Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj, Ahmedabad
Editor : Nikunj R. Patel RNI Regn. No. GUJ/46323/86. Reg. Office : 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat) Phone : 079-26402880 Advt. : 079-26402881

**આજનો સુવિચાર**
રાખવું હોય ને તો સ્વાભિમાન રાખજો, બાકી અભિમાનમાં તો કેટલાય ખોવાઈ ગયા છે

## કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલે ખુલાસો કર્યો

# ભારતને પણ મળશે ઝીરો ટેરિફનો લાભ

**(એજન્સી)નવી દિલ્હી,**
ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર તરફથી ભારતને એક પછી એક રાહતો મળી રહી છે. પહેલા ભારત-અમેરિકા ડીલની ફેક્ટશીટમાં મોટા બદલાવ કરવામાં આવ્યા, જેમાં કેટલીક શરતોમાં છૂટ આપવામાં આવી અને હવે એક દિવસ પછી વધુ છૂટછાટો મળવાની અપેક્ષા જોવા મળી રહી છે. આ સંબંધમાં કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલે ખુલાસો કર્યો છે. ગુરુવારે તેમણે કહ્યું કે, ભારતના કાપડ સેક્ટરને વધુ લાભો મળશે, જે અમેરિકા દ્વારા બાંગ્લાદેશને આપવામાં આવ્યા છે.

ભારત અને અમેરિકા વચ્ચે વેપાર વાતચીતમાં મુખ્ય ભૂમિકા ભજવતા કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે સંકેત આપ્યો કે, બાંગ્લાદેશની જેમ ભારતીય ટેક્સટાઈલ સેક્ટરને અંતિમ કરાર પર હસ્તાક્ષર થયા બાદ શૂન્ય ટેરિફની સુવિધા મળવાની અપેક્ષા છે. તેમના આ નિવેદનથી ભારતીય કાપડ નિકાસકારોને મોટી રાહત મળશે, કારણ કે અમેરિકા-બાંગ્લાદેશ ટ્રેડ ડીલે આ બિઝનેસ સામે મોટા પડકારો ઉભા કર્યા છે.

પિયુષ ગોયલનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ઈન્ડિયા-યુેસ ટ્રેડ ડીલને લઈ રાજકીય વર્તુળોમાં પણ શબ્દયુદ્ધ ચાલી રહ્યું છે. નોંધનીય છે કે, કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, ભારત અને અમેરિકા વચ્ચે થયેલ આ કરાર ડોનાલ્ડ ટ્રમ્પ સમક્ષ સંપૂર્ણ શરણાગતિ છે. હવે પિયુષ ગોયલે તેમના નિવેદનની ટીકા કરતા કહ્યું છે કે, તેમણે સંસદમાં વધુ એક જુઠ્ઠાણું ફેલાવ્યું છે, જેમાં દાવો કરવામાં આવ્યો છે કે, ભારતની તુલનામાં બાંગ્લાદેશને ટ્રેડ ડીલથી વધુ ફાયદો થયો છે.

વાણિજ્ય મંત્રીએ વધુમાં કહ્યું કે, જે પ્રકારે બાંગ્લાદેશને સુવિધા મળી છે કે જો અમેરિકાથી કાચો માલ ખરીદવામાં આવે અને તેને પ્રોસેસ કરીને કપડાં તૈયાર કરીને નિકાસ કરવામાં આવે, તો તેના પર કોઈ ટેરિફ લાગતો નથી. તેમણે ઉમેર્યું કે, ભારતને પણ આ જ પ્રકારની સુવિધા મળશે.

આ સંબંધમાં વિગતવાર માહિતી આપતા પીયૂષ ગોયલે સ્પષ્ટ કર્યું કે, આ ભાગ ગયા અઠવાડિયે બન્ને દેશો દ્વારા જાહેર કરાયેલા વચગાળાના વેપાર કરારના ફ્રેમવર્કમાં કદાચ સામેલ ન હોઈ શકે, પરંતુ તે અંતિમ કરારમાં ચોક્કસપણે સામેલ હશે.



તેમણે કહ્યું કે, હાલમાં અમારો વેપાર કરાર તૈયાર થઈ રહ્યો છે અને જ્યારે આ વચગાળાનો કરાર અંતિમ સ્વરૂપ લેશે, ત્યારે તમને તેની દરેક

### ભારતના કાપડ સેક્ટરને વધુ લાભો મળશે: કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલ

ઝીણવટભરી વિગતો સમજામાં આવશે. ભારત માટે પીયૂષ ગોયલનું આ નિવેદન અત્યંત મહત્વનું છે, કારણ કે અંતિમ કરારમાં આ જોગવાઈ ઉમેરવાથી ટેક્સટાઈલ સેક્ટરને મોટી રાહત મળશે. નોંધનીય છે કે, અમેરિકા ભારતના કાપડની નિકાસ માટે સૌથી મોટું બજાર છે. દેશમાંથી નિકાસ થતા કુલ કાપડ અને વસ્ત્રોના શિપમેન્ટનો ૩૦% ભાગ અમેરિકા પહોંચે છે. ગયા અઠવાડિયે ભારત અને અમેરિકા વચ્ચેની ડીલ બાદ કાપડ નિકાસકારોમાં ખુશી લહેર જોવા મળી, કારણ કે ટ્રમ્પે ટેરિફ ૫૦% થી ઘટાડીને ૧૮% કરી દીધો હતો. જો કે, આ દરમિયાન સમાચાર આવ્યા હતા કે અમેરિકન કપાસમાંથી બનેલા બાંગ્લાદેશી વસ્ત્રો પર ઝીરો ડ્યુટી લાગશે. આનાથી એવી ચિંતા વધી હતી કે, જો બાંગ્લાદેશી કપડાં પર કોઈ ટેક્સ નહીં લાગે, તો ભારતીય કપડાં પર ૧૮% ટેક્સ હોવાને કારણે આપણે સ્પર્ધામાં ટકી શકીશું નહીં. પિયૂષ ગોયલે વધુમાં જણાવ્યું હતું કે આ કરારનું માળખું હાલમાં તૈયાર થઈ રહ્યું છે અને વચગાળાનો કરાર પૂર્ણ થયા બાદ તેની તમામ શરતો જાહેર કરવામાં આવશે. તેમણે દેશના ખેડૂતોને પણ આશ્વાસન આપ્યું હતું કે આ વેપાર કરારમાંથી ૯૦ થી ૯૫ ટકા કૃષિ ઉત્પાદનોને બાકાત રાખવામાં આવ્યા છે, જેથી ભારતીય કૃષિ ક્ષેત્રને કોઈ નુકસાન ન થાય. સરકારના જણાવ્યા મુજબ, આ પગલાથી ભારતીય નિકાસકારોને નવી તકો મળશે અને સાથે સાથે ખેડૂતોના હિતોનું પણ પૂરતું રક્ષણ થશે. કુલ મળીને, ભારત–અમેરિકા વચ્ચેનો આ ઝીરો-ડ્યુટી સોદો દેશના કાપડ ઉદ્યોગ અને નિકાસ ક્ષેત્ર માટે હકારાત્મક સાબિત થવાની આશા છે.

# ૧૧૪ રાફેલ જેટ અને ૬ પી-૮૧ એરક્રાફ્ટ ખરીદશે ભારત

## રૂ.૩.૨૫ લાખ કરોડની ડિફેન્સ ડીલને મંજૂરી

**(એજન્સી)નવી દિલ્હી,**
ભારતની રક્ષણાત્મક શક્તિને નવી ઊંચાઈએ લઈ જવા માટે સંરક્ષણ મંત્રાલયે એક ઐતિહાસિક નિર્ણય લીધો છે. રક્ષામંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં મળેલી ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલની બેઠકમાં ભારતીય વાયુસેના માટે વધારાના ૧૧૪ રાફેલ ફાઈટર જેટની ખરીદીના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી છે. આ સોદો અંદાજે રૂ.૩.૨૫ લાખ કરોડનો હોવાનું મનાય છે.

ભારતીય વાયુસેનાને હાલમાં ૪૨ સ્ક્વોડ્રનની જરૂરિયાત સામે માત્ર ૨૯ સ્ક્વોડ્રન જ કાર્યરત છે. જૂના થઈ રહેલા મિગ-૨૧ વિમાનોને સેવામાંથી હટાવ્યા બાદ સર્જાયેલી અછતને પૂરવા માટે આધુનિક ફાઈટર જેટ્સની તાતી જરૂરિયાત હતી.

- વર્તમાન સ્થિતિ: ભારત પાસે અત્યારે ૩૬ રાફેલ જેટ્સ છે, જે અંબાલા અને હાશીમારા એરબેઝ પર તૈનાત છે.
- ચીન-પાકિસ્તાન પડકાર: લદ્દાખ સ્ટેન્ડઓફ અને સરહદી સુરક્ષાને ધ્યાનમાં રાખીને વાયુસેનાને વધુ આધુનિક હથિયારોથી સજ્જ કરવું અનિવાર્ય બન્યું છે.

આ સોદાની સૌથી મોટી વિશેષતા એ છે કે તે મેક ઈન ઈન્ડિયા હેઠળ પૂર્ણ થશે. ફ્રાન્સની દસોલ્ટ એવિએશન કંપની ભારતની સ્થાનિક પાર્ટનર કંપની સાથે મળીને ભારતમાં જ આ જેટ્સનું ઉત્પાદન કરશે. આ પ્રોજેક્ટથી ભારતમાં હજારો નવી નોકરીઓનું સર્જન થશે અને અત્યાધુનિક સંરક્ષણ ટેકનોલોજી ભારતને મળશે. શરૂઆતના ૧૮ જેટ્સ રેડી-ટુ-ફ્લાય સ્થિતિમાં આવશે, જ્યારે બાકીના ભારતમાં બનાવવામાં આવશે. ડીએસી (ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ) એ સંરક્ષણ ખરીદી માટેની ભારતની સર્વોચ્ચ સમિતિ છે. આગામી પગલું: ડીએસીની મંજૂરી બાદ હવે આ પ્રસ્તાવ કેબિનેટ કમિટી ઓન સિક્યોરિટી પાસે જશે, જ્યાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં અંતિમ મહોર મારવામાં આવશે. રાજદ્વારી મહત્વ: આ નિર્ણય ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનની આગામી (૧૫-૧૭ ફેબ્રુઆરી) ભારત મુલાકાત પહેલા લેવામાં આવ્યો છે, જે બંને દેશો વચ્ચેના ગાઢ સંબંધો દર્શાવે છે. રાફેલ એ મલ્ટી-રોલ ફાઈટર જેટ છે જે એકસાથે અનેક કામગીરી કરી શકે છે તે પરમાણુ હથિયારો લઈ જવા માટે સક્ષમ છે.

# આરબીઆઈએ નવા નિયમો જાહેર કર્યા, લોન લેનારા ગ્રાહકોને રાહત

**(એજન્સી)નવી દિલ્હી,**
ભારતીય રિઝર્વ બેંકએ લોન રિકવરી પ્રક્રિયાને લઈને નવા નિયમો જાહેર કર્યા છે. છેલ્લા ઘણા સમયથી રિકવરી એજન્ટો દ્વારા ગ્રાહકો સાથે કરવામાં આવતા અમાનવીય વ્યવહાર અને ગેરકાયદેસર હેરાનગતીની ફરિયાદોને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. હવેથી બેંકો, ગ્રામીણ બેંકો, એનબીએફસી અને સહકારી બેંકો સહિતની તમામ નાણાકીય સંસ્થાઓએ રિકવરી માટે માનવીય અભિગમ અપનાવવો પડશે. આરબીઆઈએ સ્પષ્ટ કર્યું છે કે, બેંકોએ હવે રિકવરી એજન્ટોની નિમણૂક માટે એક સ્પષ્ટ નીતિ બનાવવી પડશે. આ નીતિમાં એજન્ટોની યોગ્યતા, તેમની ઓળખની તપાસ અને આચારસંહિતાનો સમાવેશ કરવો ફરજીયાત છે. ગ્રાહકો પર કોઈપણ પ્રકારનું અયોગ્ય દબાણ લાવવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ખાસ કરીને જ્યારે ગ્રાહક કોઈ ફરિયાદ નોંધાવે, ત્યારે જ્યાં સુધી તેનું નિવારણ ન આવે ત્યાં સુધી બેંકે રિકવરીની પ્રક્રિયા અટકાવવી પડશે. જો ગ્રાહકની ફરિયાદ ખોટી હશે તો પ્રક્રિયા ચાલુ રખાશે. આ ઉપરાંત, બેંકોએ પોતાની વેબસાઈટ અને શાખાઓ પર એજન્ટોની અપડેટેડ યાદી પણ જાહેર કરવી પડશે જેથી ગ્રાહકો છેતરાય નહીં.

**હવે રિકવરી એજન્ટોની ખેર નહીં**

રિકવરી એજન્ટ પાસે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ બેંકિંગ એન્ડ ફાઈનાન્સનું પ્રમાણપત્ર હોવું ફરજિયાત છે. નિમણૂક પહેલા એજન્ટની ઓળખની કડક તપાસ કરવી પડશે અને તેમની પાસેથી નીતિઓના પાલન માટે લેખિત સંમતિ લેવી પડશે. જો કોઈ એજન્ટ નિયમ તોડે તો બેંકે તેનો કોન્ટ્રાક્ટ રદ કરવા જેવી દંડાત્મક કાર્યવાહી કરવાની રહેશે. એજન્ટો ગ્રાહકનો સંપર્ક માત્ર સવારે ૮ થી સાંજના ૭ વાગ્યા સુધી જ કરી શકશે. જો ગ્રાહક કોઈ ચોક્કસ સમયે કોલ ન કરવા વિનંતી કરે, તો તેનું સન્માન કરવું પડશે. પરિવારમાં મૃત્યુ, લગ્ન કે તહેવાર જેવા પ્રસંગોએ ગ્રાહકની મુલાકાત લેવા કે કોલ કરવા પર મનાઈ છે. ગ્રાહક સાથે થતી તમામ વાતચીતનું રેકોર્ડિંગ કરવું અનિવાર્ય રહેશે અને ગ્રાહકને તેની જાણ કરવાની રહેશે. એજન્ટો દ્વારા ગ્રાહકો સાથે ગાળાગાળી, ધમકી કે શારીરિક હિંસાના કોઈપણ કૃત્ય પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. સોશિયલ મીડિયા પર મેસેજ મોકલીને કે ગ્રાહકના પરિવાર અને મિત્રોને પરેશાન કરી શકાશે નહીં. રિકવરી માટે ગ્રાહકની બે વખતની પસંદગીની જગ્યાએ જવું પડશે, જો ન આવે તો ઘર કે કાર્યસ્થળ પર જઈ શકાશે. ગ્રાહકની માત્ર કેટલીક જ વિગતો એજન્ટ સાથે શેર કરી શકાશે, તેની ગુપ્તતા જાળવવી બેંકની જવાબદારી રહેશે. રિકવરી કેસ સોંપતા પહેલા બેંકે ગ્રાહકને લેખિત નોટિસ, એસએમએસ કે ઈમેલ દ્વારા એજન્ટની સંપૂર્ણ વિગતો આપવી પડશે.

# ચાલુ વર્ષે રૂ.૧૯.૪૪ લાખ કરોડની ટેક્સ આવક, કલેક્શનમાં ૯.૪% વધારો

**(એજન્સી)નવી દિલ્હી,**
રિફંડમાં ધીમી ગતિ અને કોર્પોરેટ ટેક્સની ઊંચી આવકને કારણે ચાલુ નાણાકીય વર્ષમાં ૧૦મી ફેબ્રુઆરી સુધીમાં નેટ ડાયરેક્ટ ટેક્સનું કલેક્શન ૯.૪ ટકા વધીને આશરે રૂપિયા ૧૯.૪૪ લાખ કરોડ થયું છે. ઉલ્લેખનીય છે કે, ચાલુ નાણાકીય વર્ષ (૨૦૨૫-૨૬) માટેના સુધારેલા અંદાજમાં સરકારે તેના ડાયરેક્ટ ટેક્સ કલેક્શનનો લક્ષ્યાંક રૂ. ૨૪.૮૪ લાખ કરોડ રાખ્યો છે. આવકવેરા વિભાગે જણાવ્યું હતું કે, નેટ કોર્પોરેટ ટેક્સ કલેક્શન ૧૪.૫૧ ટકા વધીને રૂ. ૮.૯૦ લાખ કરોડ થયું છે, જ્યારે વ્યક્તિગત કરદાતાઓ અને હિન્દુ અવિભાજ્ય પરિવારો સહિતના નોન-કોર્પોરેટ ટેક્સની આવક ૫.૯૧ ટકા વધીને આશરે રૂ. ૧૦.૦૩ લાખ કરોડ થઈ છે. ૧ એપ્રિલથી ૧૦ ફેબ્રુઆરીની વચ્ચે સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સનું કલેક્શન રૂ. ૫૦,૨૭૯ કરોડ રહ્યું હતું, જે ગયા વર્ષના સમાન ગાળાની સરખામણીમાં લગભગ સ્થિર છે. ચાલુ નાણાકીય વર્ષમાં ૧૦ ફેબ્રુઆરી સુધી ગ્રોસ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૪.૦૯ ટકા વધીને રૂપિયા ૨૨.૭૮ લાખ કરોડ થયું છે. જેમાં રૂ. ૧૦.૮૮ લાખ કરોડનો ગ્રોસ કોર્પોરેટ ટેક્સ અને રૂપિયા ૧૧.૩૯ લાખ કરોડના નોન-કોર્પોરેટ ટેક્સનો સમાવેશ થાય છે.

# રાહુલ ગાંધીને ચૂંટણી લડવા પર આજીવન રોક લગાવો

**ભાજપના સાંસદે નોટિસ આપી**

**(એજન્સી)નવી દિલ્હી,**
સંસદનું આ બજેટ સત્ર અત્યાર સુધીમાં ખૂબ જ હોબાળો અને સનસનીખેજ રહ્યું છે. હવે ભાજપ સાંસદ નિશિકાંત દુબેએ કોંગ્રેસ સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ એક પ્રસ્તાવની નોટિસ આપી છે. ભાજપ સાંસદે રાહુલ ગાંધી પર આરોપ લગાવ્યો છે કે તેમને ભારત વિરોધી તત્ત્વો સાથે મિલિભગત છે. આવા સમયે તેમની લોકસભા સદસ્યતા રદ થવી જોઈએ, સાથે જ કોંગ્રેસ સાંસદને આજીવન ચૂંટણી લડતા પણ રોકવામાં આવે તેવી ભાજપના સાંસદે વાત કહી છે.

ભાજપ સાંસદ નિશિકાંત દુબેએ ગુરુવારે ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ કોંગ્રેસ નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ સબ્સટેંટિવ મોશન લાવવાની નોટિસ આપી છે અને તેમની સંસદ સદસ્યતા રદ કરવાની સાથે આજીવન ચૂંટણી લડવા માટે અયોગ્ય ઘોષિત કરવાની માગ કરી છે. સંસદ પરિસરમાં ભાજપ સાંસદે કહ્યું કે, તેમણે પોતાની નોટિસમાં રાહુલ ગાંધીની વિદેશ મુલાકાત અને કથિત રીતે સોરોસ ફાઉન્ડેશન, યુએસએઆઈડી અને ફોર્ડ ફાઉન્ડેશન જેવી સંસ્થાઓ સાથે જોડાયેલા લોકો સાથે સંપર્કનો ઉલ્લેખ કર્યો છે. દુબેએ આરોપ લગાવ્યો કે, રાહુલ ગાંધી થાઈલેન્ડ, વિયતનામ અને કંબોડિયા જેવા દેશોની યાત્રા દરમ્યાન ભારત વિરોધી તત્ત્વો સાથે મિલીભગત કરે છે. તેમણે સ્પષ્ટ કર્યું કે આ કોઈ વિશેષાધિકાર પ્રસ્તાવ નથી, પણ એક સ્વતંત્ર અને આત્મનિર્ભર પ્રસ્તાવ એટલે કે સબ્સટેંટિવ મોશન છે, જેનો ઉદ્દેશ્ય સદન સમક્ષ નિર્ણય અથવા મત વ્યક્ત કરવાનો હોય છે.

## ઘૂસખોર પંડત ફિલ્મના મેકર્સ ઉપર સુપ્રીમ કોર્ટ લાલઘૂમ

**(એજન્સી)નવી દિલ્હી,**
સુપ્રીમ કોર્ટે ગુરુવારે નેટફ્લિક્સ અને જાણીતા ફિલ્મમેકર નીરજ પાંડેની આગામી ઘૂસખોર પંડત ફિલ્મના શીર્ષક સામે સખત નારાજગી વ્યક્ત કરી છે. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં પૂછ્યું છે કે, આ ફિલ્મને નવું નામ આપવા માટે તેમનો શું પ્રસ્તાવ છે. જસ્ટિસ બી.વી. નાગરત્નાની બેન્ચે ટિપ્પણી કરી હતી કે, ઘણીવાર વિવાદ પેદા કરવા અને પબ્લિસિટી મેળવવા માટે આવા નામ પસંદ કરવામાં આવે છે. કોર્ટે મેકર્સની ઝાટકણી કાઢતા ટિપ્પણી કરી કે, તમારા પીઆર માટેના તિકડમ માટે થઈને સમાજમાં તિરાડ ન વધારો.









# સ્પોર્ટ્સ અપડેટ

## ટી-૨૦ વર્લ્ડ કપ

## શ્રીલંકાએ ઓમાનને ૧૦૫ રનથી હરાવ્યું



**(એજન્સી) પાલ્લેકેલે,**
ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં શ્રીલંકાની ટીમે શાનદાર પ્રદર્શન જાળવી રાખી ઓમાનને ૧૦૫ રનથી હરાવ્યું છે. આ ટૂર્નામેન્ટમાં ૧૯ વર્ષ બાદ એવો રેકોર્ડ નોંધાયો છે, જેમાં શ્રીલંકાએ સૌથી મોટા માર્જીન રનથી જીત મેળવી છે. આ ઐતિહાસિક મેચમાં કેપ્ટન દાસુન શનાકાએ વિસ્ફોટક બેટિંગ કરીને રોહિત શર્માના વર્લ્ડ રેકોર્ડની બરાબરી કરી છે, સાથે જ શનાકાએ વર્લ્ડ કપમાં સૌથી ઝડપી અડધી સદી ફટકારવાનો રેકોર્ડ નોંધાવ્યો છે.

પાલ્લેકેલે ક્રિકેટ સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં ઓમાને ટોસ જીતીને શ્રીલંકાને પ્રથમ બેટિંગ આપી હતી. શ્રીલંકાની શરૂઆત નબળી રહી હતી અને ટીમે ૪૨ રનમાં જ કામિલ મિશારા અને પાથુમ નિસાંકાની વિકેટ ગુમાવી દીધી હતી. જોકે, ત્યારબાદ કુસલ મેન્ડિસ અને પવન રત્નાયકેએ બાજી સંભાળી હતી અને ત્રીજી વિકેટ માટે ૯૪ રનની ભાગીદારી નોંધાવી હતી. કુસલ મેન્ડિસે ૪૫ બોલમાં ૬૧ રન અને પવન રત્નાયકેએ ૨૮ બોલમાં ૬૦ રનની આક્રમક ઈનિંગ રમી હતી. ત્યારબાદ મેદાન પર આવેલા કેપ્ટન દાસુન શનાકાએ તોફાની બેટિંગ કરતા માત્ર ૧૯ બોલમાં પાંચ સિક્સ અને બે ફોર સાથે પોતાની અડધી સદી પૂરી કરી હતી.

## બોલર ઉસ્માન તારિક પર લાગ્યા ગંભીર આરોપ

**(એજન્સી)નવી દિલ્હી,**
પાકિસ્તાનનો ઓફ સ્પિનર ઉસ્માન તારિક પોતાની અનોખી સ્ટોપ એન્ડ પોઝ સાઈડ-આર્મ એક્શનના કારણે ક્રિકેટ જગતમાં ચર્ચાનો વિષય બન્યો છે. ભારતના દિગ્ગજ સ્પિનર રવિચંદ્રન અશ્વિને પણ તેની બોલિંગ એક્શનનું ખુલ્લેઆમ સમર્થન કર્યું છે. તારિકે અત્યાર સુધીમાં ૪૨ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં ૧૧ વિકેટ ઝડપી છે. પ્રોફેશનલ ટી-૨૦ કરિયરમાં તેણે ૪૨ મેચોમાં ૭૦ વિકેટ ખેરવી છે, જે એક શાનદાર રેકોર્ડ છે. તે કોલંબોના ધીમા પ્રેમદાસા ટ્રેક પર આક્રમક ભારતીય બેટ્સમેન સામે મુખ્ય ભૂમિકા ભજવી શકે છે.

પાકિસ્તાન તેનો વધુ ઉપયોગ કરી રહ્યું છે પરંતુ મિલિંદ કુમાર જેવા અમેરિકન બેટ્સમેન તેના બોલ સામે અસ્વસ્થતા અનુભવતા હતા. તારિક પોતાની અનોખી એક્શન અને લયમાં કોઈ સ્પષ્ટ ફેરફાર કર્યા વિના ગતિમાં ફેરફાર સાથે સતત અસરકારક રહ્યો.



રવિવારે કોલંબોમાં ભારત-પાકિસ્તાન મેચ પહેલા તારિક ક્રિકેટ જગતમાં ચર્ચાનું કેન્દ્ર બની ગયો છે. ઈંગ્લેન્ડના પૂર્વ કેપ્ટન કેવિન પીટરસને બોલિંગ કરતી વખતે તેના રોકાવાના (પોઝ)ને ગેરકાયદેસર ગણાવ્યો છે, જ્યારે અશ્વિનનો મત અલગ છે. અશ્વિને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું કે, હું સૌથી પહેલા સ્પષ્ટતા કરું છું. તેના એક્શનની કાયદેસરતાની તપાસ માત્ર ICCના બોલિંગ એક્શન ટેસ્ટિંગ સેન્ટરમાં જ થઈ શકે છે.

# પંચમહાલ પ્રવાસે ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માઃ પાવાગઢે ધજા ચઢાવી




(તસ્વીરઃ મનોજ મારવાડી, ગોધરા)

**(પ્રતિનિધિ) ગોધરા,**
ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ બુધવારે પંચમહાલ જિલ્લાની મુલાકાત લઈ વિવિધ સંગઠનાત્મક તેમજ જાહેર કાર્યક્રમોમાં સક્રિય ભાગ લીધો હતો. તેમની આ મુલાકાત રાજકીય તેમજ સંગઠનાત્મક દ્રષ્ટિએ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. જિલ્લા પ્રવાસની શરૂઆત તેમણે વિશ્વવિખ્યાત શક્તિપીઠ પાવાગઢ ખાતે શ્રી મહાકાળી માતાજીના મંદિરે ધજા ચઢાવી કરી હતી. મંદિરમાં પૂજા-અર્ચના કરી માતાજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા બાદ તેમણે રાજ્ય અને દેશની સુખાકારી માટે પ્રાર્થના વ્યક્ત કરી હતી.

પાવાગઢ દર્શન બાદ પ્રદેશ અધ્યક્ષ કાલોલ તાલુકાના મલાવ ગામે યોજાયેલા કાર્યકર્તા સંમેલનમાં ઉપસ્થિત રહ્યા હતા. આ સંમેલનમાં બુથ પ્રમુખોથી લઈને પેજ પ્રમુખો, તાલુકા-જિલ્લા સ્તરના હોદ્દેદારો અને આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. કાર્યક્રમ દરમિયાન જગદીશ વિશ્વકર્માએ કાર્યકરોને સંબોધિત કરતાં સંગઠનના આધારસ્તંભ તરીકે તળિયાના સ્તરના કાર્યકરોની ભૂમિકા વિશેષ રીતે ઉજાગર કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ભાજપનું બળ તેના મજબૂત સંગઠન અને સમર્પિત કાર્યકરોમાં છે.

તેમણે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ — જેમ કે ગરીબ કલ્યાણ યોજનાઓ, મહિલાઓના સશક્તિકરણ માટેની યોજનાઓ, ખેડૂતો અને યુવાનો માટેના કાર્યક્રમો — અંગે વિગતવાર માહિતી આપી હતી. કાર્યકરોને આ યોજનાઓનો લાભ દરેક યોગ્ય વ્યક્તિ સુધી પહોંચે તે માટે સક્રિય બનવા અનુરોધ કર્યો હતો. "બુથ જીતશો તો ચૂંટણી જીતશો"નો મંત્ર આપતાં તેમણે જણાવ્યું કે બુથ પ્રમુખો અને પેજ પ્રમુખો સંગઠનની સૌથી મહત્વપૂર્ણ કડી છે અને તેમની મહેનતથી જ ભાજપ સતત સફળતા હાંસલ કરે છે.

# ગોધરાના કલાલ દરવાજા પાસે પ્લાસ્ટિકની થેલીમાં ભ્રૂણ મળતાં ચકચાર

**(પ્રતિનિધિ) ગોધરા,**
પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરમાં કલાલ દરવાજા નજીકથી માનવતાને શરમાવે તેવી ચોંકાવનારી ઘટના સામે આવી છે. ખુલ્લી જગ્યામાં પ્લાસ્ટિકની થેલીમાં અધૂરા માસે જન્મેલું માનવ ભ્રૂણ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકોમાં ભય અને આક્રોશની લાગણી ફેલાઈ ગઈ હતી.

મળતી માહિતી અનુસાર, કોઈ અજાણી વ્યક્તિ દ્વારા અધૂરા માસે જન્મેલા ભ્રૂણને પ્લાસ્ટિકની થેલીમાં મૂકી ખુલ્લી જગ્યામાં ફેંકી દેવામાં આવ્યું હતું. સવારે આસપાસથી પસાર થતાં કેટલાક લોકોએ થેલી શંકાસ્પદ હાલતમાં જોઈ તપાસ કરતાં અંદર ભ્રૂણ હોવાનું જણાયું. તરત જ સ્થાનિકોએ ગોધરા પોલીસને જાણ કરી હતી.

સૂચના મળતાં જ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ભ્રૂણને કબજે કરીને જરૂરી કાનૂની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાથમિક તપાસ બાદ ભ્રૂણને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે. સાથે સાથે પોલીસે આસપાસના વિસ્તારના સીસીટીવી કેમેરાના ફૂટેજ મેળવવાની અને તેની તપાસ કરવાની કાર્યવાહી પણ શરૂ કરી છે, જેથી આરોપી સુધી પહોંચી શકાય.

આ અમાનવીય ઘટનાને લઈ સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો દ્વારા આવા કૃત્ય કરનારને કડક સજા કરવાની માંગ ઉઠી રહી છે. હાલ પોલીસ દ્વારા અજાણી વ્યક્તિ વિરુદ્ધ ગુનો દાખલ કરવાની કાર્યવાહી ચાલી રહી છે અને આરોપીની શોધખોળ તેજ બનાવવામાં આવી છે. પોલીસે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે સીસીટીવી અને અન્ય તકનીકી આધારોથી ટૂંક સમયમાં જવાબદાર વ્યક્તિ સુધી પહોંચી શકાય છે.

**Franklin Templeton Mutual Fund**

Cordially invites you for a program under it's Investor Education and Awareness Initiative.

Venue:
Hotel Radisson Blu, Panchvati Cross Road, Ellisbridge, Ahmedabad - 380007.

Date: 15th February, 2026
Time: 10:30 a.m.

Contact Person: Abhishek Sharma (9601250290)

Due to limited seats, entry will be provided to registered attendees only. Please call on the above number to register by tomorrow.

We look forward to your participation.

FRANKLIN TEMPLETON

Registered office: One International Centre, Tower 2, 12th & 13th Floor, Senapati Bapat Marg, Elphinstone (West), Mumbai - 400013

**Mutual Fund investments are subject to market risks, read all scheme related documents carefully.**

## ધારાસભ્યના વરદ હસ્તે

## બોરીયા ખુરાદ ગામે ગ્રામ પંચાયત ભવનનું ખાતમુહૂર્ત કરાયું



**(પ્રતિનિધિ) હિંમતનગર,**
બોરિયા ખુરાદ,પીપલોદી, જેઠીપુરા અને બોરિયા છાપરા ગ્રૂપ ગ્રામ પંચાયતના રૂ. ૨૫ લાખના ખર્ચે મંજુર થયેલ નવીન ગ્રામ પંચાયત ભવનનું ખાત મુહૂર્ત હિંમતનગરના લોકપ્રિય ધારાસભ્ય વી.ડી.ઝાલા સાહેબના હસ્તે વિધિવત રીતે કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ધારાસભ્ય વી.ડી.ઝાલાએ ગ્રામ વિકાસને પ્રાથમિકતા આપતા જણાવ્યું હતું કે નવીન ગ્રામ પંચાયત ભવનોથી ગ્રામજનોએ વધુ સુવિધાસભર અને સુવ્યવસ્થિત સેવાઓ પ્રાપ્ત થશે,તેમજ ગામોના સર્વાંગી વિકાસને નવી દિશા મળશે. તેમણે વિકાસકાર્યોમાં સહકાર આપનાર તમામ ગ્રામજનોનો આભાર વ્યક્ત કર્યો હતો.આ કાર્યક્રમમાં પૂર્વ ધારાસભ્ય મણીભાઈ વાઘેલા,જિલ્લા યુવા મોરચા મહામંત્રી રવિન્દ્રસિંહ પરમાર,સરપંચ ક્રિષ્નાબા પરમાર,તલાટી,શાળાના આચાર્ય તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનોએ હાજરી આપી હતી.

# ઈડરના માનપુરાની સીમમાંથી વિસ્ફોટક સામગ્રી સાથે એક પકડાયો



(તસ્વીરઃ મગનજીત વણઝારા, હિંમતનગર)

**(પ્રતિનિધિ) હિંમતનગર,**
ઈડર તાલુકાના જાદર પોલીસ સ્ટેશનની હદમાં આવેલ માનપુરા ગામની સીમમાંથી સાબરકાંઠા એસઓજીએ બાતમીને આધારે બુધવારે ઈડર તાલુકાના રાઓલ ગામના એક શખ્સને નાઈટ્રેટ મિકસર ટોટા, ડિટોનેટર કેપ અને વાયર સહિતના રૂા. ૫૩,૫૯૨ ની વિસ્ફોટક સામગ્રી સાથે ઝડપી લઈ તેની વિરૂધ્ધ એકસપ્લોજીવ એકટની વિવિધ કલમો અંતર્ગત ગુનો નોંધી ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગે એસઓજીના પી.આઈ ડી.સી.પરમાર, પી.એસ.આઈ કે.યુ.ચૌધરી અને પી.એમ.ઝાલા તથા સ્ટાફ ધ્વારા બુધવારે ચાર્ટરની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જે સંદર્ભે જાદર પોલીસ સ્ટેશનની હદમાં એસઓજીનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે બાઈક નં. જીજે૦૯ડીજે ૩૬૩૪ પર બેસી રાઓલ ગામનો હિતેશ પ્રતાપજી ગેરકાયદે રીતે વિસ્ફોટક સામગ્રી બાઈક પર લઈ જઈ રહ્યો છે. જે આધારે પોલીસે તેને માનપુરની સીમમાં અટકાવી તપાસ કરતાં તેના કબજામાંથી નાઈટ્રેટ મિકસરના ૦૯, ૧૨ ડિટોનેટર કેપ અને વાયર મળી અંદાજે રૂા. ૫૩,૫૯૨ નો મુદ્દામાલ મળી આવ્યો હતો. ત્યારબાદ પોલીસે પકડાયેલા હિતેશ પ્રતાપજીની જરૂરી પુછપરછ કરી એક્સપ્લોજીવ એક્ટ ૧૯૮૪ની કલમ ૯(બી),૧(બી) મુજબ જાદર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો હતો.

**વેસ્ટર્ન ટાઇમ્સ**
**વેસ્ટર્ન ટાઇમ્સ**માં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.
**-જાહેરખબર મેનેજર**

## ROYALE MANOR HOTELS AND INDUSTRIES LIMITED

**CIN: L55100GJ1991PLC015839**
Regd. Office: International Airport Circle, Ahmedabad 382475, Web: www.rmhil.com
email: royalemanorehotels@rediffmail.com, Telephone: 079-22868642/43

**Extract of Unaudited Financial Results for the Quarter & Nine Months Ended 31st December, 2025**

(Rs in Lakhs)

| Sr. No. | Particulars | Quarter Ended 31/12/2025 (Unaudited) | Year Ended 31/03/2025 (Audited) | Quarter Ended 31/12/2024 (Unaudited) |
|---|---|---|---|---|
| 1 | Total Income from operations (Net) | 693.20 | 2524.89 | 639.37 |
| 2 | Net Profit/(Loss) for the period (Before Exceptional Items & Tax) | 91.41 | 426.56 | 90.71 |
| 3 | Net Profit / (Loss) for the period before tax | 91.41 | 426.56 | 90.71 |
| 4 | Net Profit / (Loss) for the period after tax | 77.51 | 310.23 | 66.12 |
| 5 | Total Comprehensive Income for the period | 77.51 | 308.72 | 66.12 |
| 6 | Paid up Equity Share Capital | 1983.22 | 1983.22 | 1983.22 |
| 7 | Reserves (Excluding Revaluation Reserve as shown in the Balance Sheet of previous year) | 4149.43 (as on 31.03.2025) | 4149.43 (as on 31.03.2025) | 3840.71 (as on 31.03.2024) |
| 8 | Earnings Per Share (Rs. 10/-each) | | | |
| | Basic (Rs.) | 0.39 | 1.56 | 0.33 |
| | Diluted (Rs.) | 0.39 | 1.56 | 0.33 |

**NOTES : -**
1. The above results were reviewed by the Audit Committee & thereafter approved by the Board of Directors at its meeting held on February 12, 2026.
2. Previous year's/quarter's figures have been regrouped and/or rearranged, wherever considered necessary.
3. The above is an extract of the detailed format of Quarterly & Nine Months Financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results is available on the Stock Exchange websites, **www.bseindia.com** and on company's website **www.rmhil.com**

**By Order of the Board**
For Royale Manor Hotels and Industries Limited
**VISHWAJEETSINGH U. CHAMPAWAT**
Chairman & Managing Director
DIN: 00519755

Place : **Ahmedabad**
Date : **February 12, 2026**

# BOBCARDઅને એતિહાદ એરવેઝ દ્વારા પ્રીમિયમ કો-બ્રાન્ડેડ ક્રેડિટ કાર્ડ લોન્ચ

**અમદાવાદ,**
બેંક ઓફ બરોડાની સંપૂર્ણ માલિકીની સહાયક કંપની BOBCARD લિમિટેડ એ વિશ્વની સૌથી સુરક્ષિત એરલાઇન એતિહાદ એરવેઝ સાથે ભાગીદારીમાં આજે BOBCARD એતિહાદ ગેસ્ટ પ્રિમીયમ ક્રેડિટ કાર્ડ અને BOBCARD એતિહાદ ગેસ્ટ ક્રેડિટ કાર્ડ લોન્ચ કરવાની જાહેરાત કરી. આ પ્રીમિયમ કો-બ્રાન્ડેડ પ્રોડક્ટ ભારતીય ગ્રાહકો માટે હવાઈ મુસાફરી અને રિવોર્ડ્સનો નવો અનુભવ આપવાના ઉદ્દેશથી ડિઝાઇન કરવામાં આવી છે. માસ્ટરકાર્ડ નેટવર્ક પર લોન્ચ થયેલા આ નવા કાર્ડસ ભારતના વધતા પ્રવાસી સમુદાય, ફ્રિક્વન્ટ ફ્લાયર્સ અને ગ્લોબલ સિટિઝન્સને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યા છે. આ કાર્ડસ વધુ મૂલ્ય, વિશિષ્ટતા અને સરળ મુસાફરીનો અનુભવ પૂરો પાડે છે, તેમજ ꪶꪶઝછઈઠ્ઠને ભારતના વિશ્વસનીય PSU ક્રેડિટ કાર્ડ જારીકર્તાઓમાં અગ્રણી સ્થાન પર મજબૂત બનાવે છે.

BOBCARD એતિહાદ ગેસ્ટ ક્રેડિટ કાર્ડ બે વર્ઝનમાં ઉપલબ્ધ છે, રૂા.૫,૦૦૦ વાર્ષિક ફી ધરાવતું પ્રીમિયમ વર્ઝન અને રૂા.૨,૫૦૦ વાર્ષિક ફી ધરાવતું એન્ટ્રી વર્ઝન. બંને કાર્ડસ નિર્ધારિત ખર્ચ માઈલસ્ટોન હાંસલ કરવાથી વાર્ષિક ફી પરતની સુવિધા આપે છે અને મજબૂત માઈલ્સ-અર્નિંગ સ્ટ્રક્ચર ધરાવે છે, જેના દ્વારા કાર્ડધારકો એતિહાદ એરવેઝ તથા તેની પસંદગીની પાર્ટનર એરલાઈન્સ સાથે ખર્ચ, મુસાફરી અથવા બુકિંગ કરતી વખતે દરેક વખતે રિવોર્ડ્સ મેળવી શકે છે.

# હેરિટેજ સિટી અમદાવાદને હવે મળશે સર્વયોગમ રેડિયો મ્યુઝિયમનું નઝરાણું



**અમદાવાદ,**
વર્ષ ૨૦૧૭ માં જુલાઈ મહિનાની ૮ તારીખે યુનેસ્કોએ અમદાવાદને ભારતના સૌપ્રથમ વર્લ્ડ હેરિટેજ સિટી તરીકે જાહેર કર્યું.વિશ્વમાં રેડિયોના શોધક તરીકે ઈટાલીના ઈલેક્ટ્રિકલ એન્જિનિયર માર્કોનીને તો યાદ કરવા જ પડે.વિશ્વમાં શોર્ટવેવ રેડિયોની શરૂઆત થઈ ત્યારે તેનું પ્રસારણ વિશ્વભરમાં અનેક જગ્યાએ એક સાથે થતું હતું. શોર્ટવેવ સિગ્નલ ઘણા નબળા પડતા હોવાથી ઘરની બહાર તાંબાની જાળીવાળા એરિયલ લગાવવા પડતા હતા. મોટાભાગે વિશ્વયુદ્ધ દરમ્યાન પ્રજામાં ખોટી અફવાઓથી ભય ના ફેલાય તેના માટે રેડિયો ઉપરથી પ્રસારણ થતાં સમાચારોનું મહત્વ ખૂબ જ વધારે હતું. ઘણીવાર તો એવું બનતું કે આખા ગામમાં ફક્ત એક કે બે જ રેડિયો હોય અને તેને સાંભળવા બધા ભેગા થતા હતા. ધીમે ધીમે રેડિયોની લોકપ્રિયતામાં વધારો થવા માંડ્યો. તેમ તેમ રેડિયો ની સંખ્યામાં પણ વધારો થવા લાગ્યો. શરૂઆતમાં વાલ્વવાળા મોટી સાઈઝના રેડિયો આવતા હતા. જેમ જેમ ટેકનોલોજીનો વિકાસ થવા માંડયો તેમ રેડિયામાં પણ પરિવર્તન આવ્યા. અને આજે તો યંગ જનરેશનમાં પણ રેડિયો ખૂબ લોકપ્રિય થઈ ગયો.

## KUSH INDUSTRIES LIMITED

**(Formerly known as SNS Textiles Limited)**
**[CIN: L74110GJ1992PLC017218]**
Registered Office: Plot No.129, Near J. B. Chemicals, G.I.D.C. Estate, Ankleshwar, Dist. - Bharuch, Gujarat – 393 002

**UNAUDITED STANDALONE FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON 31ST DECEMBER, 2025**

The Board of Directors in their meeting held on 12th February, 2026, have approved and taken on record the Unaudited Financial Results for the quarter ended on 31st December, 2025 in terms of Regulation 33 of the SEBI (LODR) Regulations, 2015.

The aforesaid Unaudited Financial Results for the quarter ended 31st December, 2025 along with Limited Review Report thereon are available on website of BSE Limited at www.bseindia.com and also on Company website and can also be accessed by scanning below Quick Response Code:

In case there are any question on the above disclosure, please reach out to us at snstex@yahoo.co.in Tel: +91-2646-221691.

**Important Communication for Physical Shareholders**

Ease of Doing Investment - Special Window for Re-lodgement of Transfer Requests of Physical Shares - In order to facilitate ease of investing for investors and to secure the rights of investors in the securities which were purchased by them, it has been decided to open a special window only for re-lodgement of transfer deeds, which were lodged prior to the deadline of April 01, 2019 and rejected/returned/not attended due to deficiency in the documents/process/ or otherwise, for a period of six months from July 07, 2025 till January 06, 2026. For more information kindly refer SEBI Circular No. SEBI/HO/MIRSD/MIRSD-PoD/P/CIR/2025/97 dated July 2, 2025.

**For Kush Industries Limited**
**MANSUKH K. VIRANI**
**CHAIRMAN &WHOLETIME DIRECTOR**
**(DIN: 00873403)**

**Date : 12th February, 2026**
**Place : Ankleshwar**

## PRISM FINANCE LIMITED

**[CIN:L63910GJ1994PLC021915]**
Regd. Office: Offices No. 1104 + 1105+1106, One 42 Building, North Tower, Behind Ashok Vatika, Near Jayantilal Parks BRTS, Ambali Bopal Road, Ahmedabad – 380054 Tel. (079) 26763503 Fax: (079) 26763504 Email: prismfinance@yahoo.com Website: www.prismfinancein.com

**UNAUDITED STANDALONE FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON 31STDECEMBER, 2025**

The Board of Directors in their meeting held on 12th February, 2026, have approved and taken on record the Unaudited Financial Results for the quarter ended on 31stDecember, 2025 in terms of Regulation 33 of the SEBI (LODR) Regulations, 2015.
The aforesaid Unaudited Financial Results for the quarter ended 31stDecember, 2025 along with Limited Review Report thereon are available on website of BSE Limited at www.bseindia.com and also on Company website and can also be accessed by scanning below Quick Response Code:

In case there are any question on the above disclosure, please reach out to us at prismfinance@yahoo.com Tel: (079) 26763503.

**Important Communication for Physical Shareholders**

Ease of Doing Investment - Special Window for Re-lodgement of Transfer Requests of Physical Shares - In order to facilitate ease of investing for investors and to secure the rights of investors in the securities which were purchased by them, it has been decided to open a special window only for re-lodgement of transfer deeds, which were lodged prior to the deadline of April 01, 2019 and rejected/returned/not attended due to deficiency in the documents/ process/or otherwise, for a period of One Year from February 05, 2026 till February 04, 2027. For more information kindly refer SEBI Circular No. SEBI/HO/38/13/11(2)2026-MIRSD-POD/ I/3750/2026 dated January 30,2026.

for, **PRISM FINANCE LIMITED**
RAJKUMARI R. UDHWANI
DIRECTOR
(DIN: 02636225)

Date: 12th February, 2026
Place: Ahmedabad

## TYPHOON FINANCIAL SERVICES LIMITED

**[CIN: L65923GJ1990PLC014790]**
Registered Office: 35, Omkar House, Near Swastik Cross Roads, C.G. Road, Ahmedabad 380 009

**UNAUDITED STANDALONE FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 31ST DECEMBER, 2025**

The Board of Directors in their meeting held on 12th February, 2026, have approved and taken on record the Unaudited Financial Results for the quarter ended on 31st December, 2025 in terms of Regulation 33 of the SEBI (LODR) Regulations, 2015.
The aforesaid Unaudited Financial Results for the quarter ended 31st December, 2025 along with Limited Review Report thereon are available on the website of the Company and of BSE Limited at www.bseindia.com and can also be accessed by scanning below Quick Response (QR) Code:

**Important Communication for Physical Shareholders**

Ease of Doing Investment - Special Window for Re-lodgement of Transfer Requests of Physical Shares - In order to facilitate ease of investing for investors and to secure the rights of investors in the securities which were purchased by them, it has been decided to open a special window only for re-lodgement of transfer deeds, which were lodged prior to the deadline of April 01, 2019 and rejected/returned/not attended due to deficiency in the documents/process/or otherwise, for a period of six months from July 07, 2025 till January 06, 2026. For more information kindly refer SEBI Circular No. SEBI/HO/MIRSD/MIRSD-PoD/P/CIR/2025/97 dated July 2, 2025.

By Order of the Board
For TYPHOON FINANCIAL SERVICES LIMITED
**Sd/-**
**RISHAB CHHAJER**
**MANAGING DIRECTOR**
**(DIN: 05184646)**

**Date : 12th February, 2026**
**Place : Ahmedabad**

## GUJARAT CRAFT INDUSTRIES LIMITED

**[CIN: L25111GJ1984PLC007130]**
**Regd. Off.:** 431, Santej-Vadsar Road, Santej - 382 721, Tal.: Kalol, Dist.: Gandhinagar (Gujarat)

UNAUDITED STANDALONE FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON 31ST DECEMBER, 2025

The Board of Directors in their meeting held on 12th February, 2026, have approved and taken on record the Unaudited Financial Results for the quarter ended on 31st December, 2025 in terms of Regulation 33 of the SEBI (LODR) Regulations, 2015.

The aforesaid Unaudited Financial Results for the quarter ended 31st December, 2025 along with Limited Review Report thereon are available on the website of the Company at www.gujaratcraft.com and of BSE Limited at www.bseindia.com and can also be accessed by scanning below Quick Response Code:

In case there are any question on the above disclosure, please reach out to us at info@gujaratcraft.com Tel: +91 79 26449515.

**Important Communication for Physical Shareholders**

Ease of Doing Investment - Special Window for Re-lodgement of Transfer Requests of Physical Shares - In order to facilitate ease of investing for investors and to secure the rights of investors in the securities which were purchased by them, it has been decided to open a special window only for re-lodgement of transfer deeds, which were lodged prior to the deadline of April 01, 2019 and rejected/returned/not attended due to deficiency in the documents/process/or otherwise, for a period of One Year from February 05, 2026 till February 04, 2027. For more information kindly refer SEBI Circular No. SEBI/ HO/38/13/11(2)2026-MIRSD-POD/ I/3750/2026 dated January 30,2026.

By Order of the Board
For GUJARAT CRAFT INDUSTRIES LTD,
**RISHAB CHHAJER**
*CHAIRMAN & MANAGING DIRECTOR*
*(DIN: 05184646)*

Date : 12th February, 2026
Place : Ahmedabad

# ગુજરાતની તમામ શૈક્ષણિક સંસ્થાઓને શ્વાનોનો તાત્કાલિક સર્વે કરવા આદેશ

**અમદાવાદ,** ગુજરાતમાં SIRની કામગીરીમાંથી હજુ તો શૈક્ષણિક સ્ટાફ છૂટો થયો નથી ત્યાં તો ફરી એક પરિપત્ર કરી દેવાતા વિવાદનું વંટોળ ઊભું થયું છે. હવે સુપ્રીમ કોર્ટના આદેશને ટાંકીને રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં રહેલા શ્વાનોનો રિપોર્ટ સોંપવા જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરીએ પરિપત્ર જાહેર કર્યો છે. જેમાં શાળાના કેમ્પસની અંદર અને આસપાસ કેટલા શ્વાન છે તેની વિગતો જણાવવા સૂચન કરવામાં આવ્યું છે. કોંગ્રેસે દાવો કર્યો છે કે શિક્ષણ નિયામકે પરિપત્ર કરી શિક્ષકોને શ્વાન ગણવાની જવાબદારી આપી છે. જો કે શિક્ષકો કે શાળાના સ્ટાફે શૈક્ષણિક સંસ્થાઓ પૂરતી જ શ્વાનની મર્યાદિત ગણતરી કરવાની છે તેનો પણ સરકાર દ્વારા સ્પષ્ટ ઉલ્લેખ કરાયો છે.

આ આદેશ સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલી સુઓમોટો જાહેર હિત અરજી ૫/૨૦૨૫ના સંદર્ભમાં આપવામાં આવ્યો છે. જેનો મુખ્ય હેતુ શૈક્ષણિક પરિસરો ઉપરાંત જાહેર સ્થળોને રખડતાં શ્વાનથી સુરક્ષિત રાખવાનો છે. માત્ર શાળાઓ જ નહીં, પરંતુ હોસ્પિટલો, બસ સ્ટેશનો અને રેલ્વે સ્ટેશન જેવા જાહેર સ્થળો પર પણ શ્વાનોની સ્થિતિ અંગે સચોટ ડેટા તૈયાર કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

**સર્વે માત્ર શૈક્ષણિક સંસ્થાઓ પૂરતો, બહાર જવાની જરૂર નથીઃ શિક્ષણ મંત્રી**

શાળાના આચાર્યને કઈ કઈ વિગતો આપવા જણાવાયું?

-શાળાનું નામઃ જે-તે શાળાની વિગત.

-કેમ્પસની અંદરઃ શાળાના કેમ્પસમાં રખડતા શ્વાનોની ચોક્કસ સંખ્યા.

-કેમ્પસની આસપાસઃ શાળાની આજુબાજુના વિસ્તારમાં રખડતા શ્વાનોની સંખ્યા.

-હા/ના માં જવાબઃ શું આ અંગે વિસ્તારના સંબંધિત અધિકારીને જાણ કરવામાં આવી છે કે નહીં?

સમગ્ર મામલે કોંગ્રેસ પ્રવક્તા મનીષ દોશી સરકાર પર સવાલો ઉઠાવતા કહ્યું કે, શિક્ષકોને શિક્ષણ સિવાય શૌચાલય ગણવા, ભીડ ભેગી કરવા, ચૂંટણીના કામ, જીઈની કામગીરી આપવામાં આવી છે, જેના કારણે શિક્ષણ પર ગંભીર અસર પડી છે. હવે શિક્ષકોને પોતાના વિસ્તારમાં શ્વાનની ગણતરી માટે આદેશ કરાયો છે જેથી વર્ગખંડમાં શિક્ષણ આપવાનો સમય મળશે નહીં, શું ગુજરાતમાં શિક્ષકો સિવાય આ કામગીરી માટે કોઈ છે જ નહીં? તાત્કાલિક પરિપત્રને રદ કરી દેવામાં આવે, કારણ કે રાજ્યના શિક્ષકો પાસે શિક્ષણ સિવાય ૬૦ વધારાની કામગીરી છે.

શિક્ષણ મંત્રી પ્રદ્યુમ્ન વાજાએ કોંગ્રેસના સવાલો પર જવાબ આપતા કહ્યું કે, 'આરોપ કરવોએ એમનો અધિકાર છે અને કામ પણ છે, નામદાર સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ આ પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. અને તેમાં સ્પષ્ટ લખેલું છે કે પોતે પોતાની શૈક્ષણિક સંસ્થાઓ એ પૂરતી જ ગણતરી મર્યાદિત છે. તેને કોઈ બહારની જગ્યાએ સર્વે કરવા જવાની જરૂર નથી.



સીયાચીનમાંઓપરેશનમેઘદૂતદરમિયાનશહીદથયેલાકેપ્ટનનિલેષનીપાલડીપંકજસોસાયટીમાંબનાવવામાં આવેલી ખાંભીને પુષ્પાંજલિ અર્પણ કરતા નાગરિકો તસવીરમાં નજરે પડે છે .( **તસવીર : જયેશ મોદી** )

# ગાંધીનગરમાં બેફામ બુલેટ ચાલકની ટક્કરે બે ભાઈઓના કમકમાટીભર્યા મોત

**(એજન્સી)ગાંધીનગર,** ગાંધીનગરથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. ઈન્દ્રોડા કટ નજીક એક બેફામ બુલેટ ચાલકની ટક્કરે અન્ય એક બાઈક પર જતા બે પિતરાઈ ભાઈઓના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે. માહિતી અનુસાર એક ભાઈનું ઘટનાસ્થળે જ મોત થયું હતું જ્યારે અન્યનું સારવાર દરમિયાન મોત થયું.

**પોલીસે વધુ તપાસ હાથ ધરી : મૃતકોની ઓળખ જાહેર કરાઈ**

પોલીસ ફરિયાદ અનુસાર સેક્ટર ૮માં રહેતા જશપાલ સિંહ ડાભીનો પુત્ર જગદીશ સિંહ (૪૦) અને તેમનો ભાણીયો ઘનશ્યામ સિંહ ચાવડા ઈન્દ્રોડા ખાતે કોઈ કામથી ગયા હતા. જોકે સાંજના સમયે બાઈક પર પાછા આવતી વખતે ઈન્દ્રોડા કટની નજીકમાં જ બુલેટ ચાલકે તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. જેના પગલે જગદીશ સિંહ ઘટનાસ્થળે જ મૃત્યુ પામી ગયા હતા જ્યારે ઘનશ્યામ સિંહનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ મામલે જશપાલ સિંહ ડાભીએ બુલેટ ચાલક (GJ૧૮ FK ૬૪૦૦) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

આ મામલે મૃતકના પિતાની ફરિયાદના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. અકસ્માતમાં બે ભાઈઓના મોતથી પરિવાર પણ જાણે આભ તૂટી પડ્યાની સ્થિતિ સર્જાઈ છે. સેક્ટર ૭ પોલીસે વધુ તજવીજ હાથ ધરી છે. ગાંધીનગર સેક્ટર ૭ પોલીસ મથકના PSI એમ એ પરમારે જણાવ્યું હતું કે રાત્રે ૨ વાગે ગુનો દાખલ થયો હતો, બંને નું રાત્રે પોસ્ટ મોર્ટમ કર્યું હતું. એ ગુના સંદર્ભે હાલ કોઈ ધરપકડ કરવામાં આવી નથી.

# મહાનગરપાલિકાની ભરતીમાં હવે 33% મહિલા અનામત લાગુ થશે

**અમદાવાદ (પ્રતિનિધિ)** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ગુરુવારે મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં વિકાસલક્ષી કામોને મંજૂરી આપવામાં આવી હતી આ ઉપરાંત રાજ્ય સરકાર ના ધોરણે ભરતી પ્રક્રિયા માં મહિલાઓ માટે ૩૩ ટકા અનામત રાખવા માટે પણ નિર્ણય કરવામાં આવ્યો છે.

મ્યુનિ. સ્ટેન્ડિંગ કમીટી ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે મહાનગરપાલિકામાં આવનારા સમયમાં જે પણ ભરતી કરવામાં આવશે તેમાં ૩૩% મહિલા અનામતની જોગવાઈ કરવામાં આવી છે. જે અંતર્ગત હવે પછીની ભરતીની એડવર્ટાઈઝમેન્ટમાં મહિલાઓને પ્રાધાન્ય મળે તે માટે ૩૩% મહિલા અનામત માટે સ્ટેન્ડિંગ કમિટીએ મંજૂરી આપી છે. કમીટી દ્વારા અંદાજીત ૨૧૬ કરોડનાં વિકાસનાં કામોને મંજૂરી આપવામાં આવી છે, જેમાં હાથીજણમાં યુએચસી, એસએચસીનો સમાવેશ કરવામાં આવશે. તેમજ તળાવો, વોટર, ડ્રેનેજ અને ચાર બ્રીજોની નીચેનાં બેરિંગોને બદલવાની મંજૂરી અપાઈ છે. વધુમાં ટ્રાફિકની સમસ્યાને નિયંત્રિત કરવા માટે અગાઉ એએમસીએ ટ્રાફિક પોલિસ સાથે સંકલન કરીને ટ્રાફિક પોલિસનાં અભિપ્રાયો મંગાવ્યા હતાં. જેમાં ૮૫ જેટલા લેફ્ટ ટર્નને ખુલ્લા કરવા માટેનાં સૂચનો ટ્રાફિક પોલિસ તરફથી આવ્યાં હતાં. તે અંતર્ગત ૫૫ જેટલાં લેફ્ટ ટર્નોને ખુલ્લા કરી દેવામાં આવ્યા છે.

દાણાપીઠ ફાયર સ્ટેશન અને પાર્કિંગને પણ ફેબ્રુઆરી મહિનાનાં અંત સુધીમાં જાહેર જનતા માટે ખુલ્લો મૂકવામાં આવશે. જે માટેની કેટલીક પરવાનગી લેવાની બાકી હોઈ અને તેની ઓનલાઈન પ્રક્રિયાની પ્રક્રિયાની પરવાનગી મળી જતાં જ ટૂંક સમયમાં મધ્યઝોનનાં આ ફાયર સ્ટેશન અને પાર્કિંગનું લોકાર્પણ કરવામાં આવશે, જેથી આ વિસ્તારનાં લોકોને પણ પાર્કિંગ તેમજ ટ્રાફિકની સમસ્યામાંથી રાહત મળશે. તેમજ ખારીકટ કેનાલનાં પ્રાથમિક તબક્કાની વાત કરું તો તેનાં ફેઝ વનનો સાડા બાર કિલોમિટરનું કામ પૂર્ણતાને આરે છે. ફેઝ વનમાં ૨૦૫ જેટલા પોલ ઊભા થઈ ગયા છે. તેમજ તેનાં બ્યૂટિફિકેશન માટેની કામગીરી આવનારા સમયમાં શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત દક્ષિણ ઝોનમાં લગભગ ૧૦૦૦ કરોડનો પ્રોજેક્ટ છે જે હાલ પૂર્ણતાને આરે છે અને ફેબ્રુઆરી મહિનાનાં અંતમાં ખારીકટ રૂટ્ઠજી-૧ પર રોડ-શો અને રૂટ્ઠજી-૨ નું ખાત મુહૂર્ત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં હસ્તે કરવામાં આવશે.આ ઉપરાંત ૧૩મી ફેબ્રુઆરીએ રાજ્યનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં હસ્તે સ્કૂલ બોર્ડનાં ભવનનું લોકાર્પણ કરવામાં આવશે. આ ઉપરાંત એએમટીએસની ૯ જેટલી બસોનું પણ લોકાર્પણ કરવામાં આવશે.

# બોડકદેવના શિવાલિક હાઈ સ્ટ્રીટમાં રિયલ એસ્ટેટ ઓફિસમાં આગની ઘટના

**અમદાવાદ (પ્રતિનિધિ)** અમદાવાદના બોડકદેવ વિસ્તારમાં **Shivalik High Street** ખાતે ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ બપોરે ૧૪:૩૬ કલાકે આગની ઘટના નોંધાઈ હતી. આ આગ ચોથા ફ્લોર પર આવેલી ૪૦૬ નંબરની રિયલ એસ્ટેટ ઓફિસમાં લાગી હતી. ઓફિસના ફર્નિચરમાં આગ લાગતા સ્થળ પર ભારે ધુમાડો ફેલાયો હતો. ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગની ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. ધુમાડો વધુ ફેલાઈ જતાં ફાયર ફાઈટરોએ ફોર્સ વેન્ટિલેશન કરી અંદર ભરાયેલો ધુમાડો બહાર કાઢ્યો હતો. અંદાજે એક કલાક સુધી ચાલેલી ફાયર ફાઈટિંગ કામગીરી બાદ આગને સંપૂર્ણ કાબૂમાં લેવામાં આવી હતી.



આ કામગીરી દરમિયાન કુલ ૧૬ ફાયર વાહનો તૈનાત કરાયા હતા, જેમાં ૨૦KLના ૩ વોટર બાઉઝર, ૧ મિનિ ફાઈટર, ૨ ઈમર્જન્સી ટેન્ડર, ૬ ફર્સ્ટ રિસ્પોન્ડર (બોલેરો), ૩ ફર્સ્ટ રિસ્પોન્ડર (સ્કોર્પિયો) અને ૧ હાઈડ્રોલિક પ્લેટફોર્મનો સમાવેશ થાય છે. કુલ ૭૨ ફાયર સ્ટાફે કામગીરીમાં ભાગ લીધો હતો, જેમાં ૩૫ ફાયરમેન, ૩ જમાદાર, ૧૬ ડ્રાઈવર, ૧ સબ ઓફિસર, ૨ સ્ટેશન ઓફિસર, ૨ ડિવિઝનલ ઓફિસર, ૧ ડેપ્યુટી સી.એફ.ઓ., ૨ એડિશનલ સી.એફ.ઓ. અને ૧ સી.એફ.ઓ. સામેલ હતા.

ફાયર વિભાગ દ્વારા અંદાજિત ૧૦૦ લોકોને સુરક્ષિત રીતે ઈવેક્યુએટ કરવામાં આવ્યા હતા. સદભાગ્યે ઘટનામાં કોઈ વ્યક્તિને ઈજા પહોંચી નથી તેમજ કોઈ જાનહાનિ નોંધાઈ નથી.મહત્વપૂર્ણ વાત એ રહી કે બિલ્ડિંગની ફાયર સિસ્ટમ કાર્યરત હાલતમાં હોવાથી આગને ઝડપી કાબૂમાં લેવા મદદ મળી હતી અને મોટી દુર્ઘટના ટળી હતી.ફસાયેલા લોકોને નીચે ઉતારવા માટે તાત્કાલિક હાઈડ્રોલિક પ્લેટફોર્મની મદદ લેવામાં આવી હતી. ફાયર ફાઈટરોએ જીવના જોખમે બારીઓ વાટે અને ધાબા પરથી લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. સદનસીબે, આ દુર્ઘટનામાં હજુ સુધી કોઈ જાનહાનિના અહેવાલ નથી. પ્રાથમિક તપાસમાં આગ લાગવાનું કારણ શોર્ટ સર્કિટ હોવાનું મનાઈ રહ્યું છે. જોકે, ફાયર વિભાગના ઉચ્ચ અધિકારીઓએ જણાવ્યું હતું કે, આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યા બાદ તપાસ કરવામાં આવશે કે બિલ્ડિંગમાં ફાયર સેફ્ટીની સિસ્ટમ ચાલુ હાલતમાં હતી કે નહીં. પોલીસ અને ફાયર વિભાગ દ્વારા બિલ્ડિંગને ખાલી કરાવી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# અમદાવાદના કાંકરિયામાં પથ્થરના ઘા ઝીંકી મંગેતરે યુવતીની કરપીણ હત્યા

**(એજન્સી)અમદાવાદ,** શહેરના મણિનગર વિસ્તારમાં કિશોરીની હત્યાનો બનાવ સામે આવ્યો છે. મૃતક કિશોરીની આરોપી સાથે સગાઈ કરવામાં આવી હતી. જોકે શંકાશીલ સ્વભાવના કારણે કિશોરીના પિતાએ સગાઈ તોડવા માટે કહ્યું હતું. જેના સમાધાન માટે કિશોરીને લઈ જઈને હત્યા નીપજાવવામાં આવી છે. પોલીસને જાણ થતા જ મણિનગર પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી આરોપીની ધરપકડ કરી છે.

શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી હોય તેવું લાગી રહ્યું છે. માત્ર ૨૪ કલાકમાં હત્યાના ત્રણ બનાવો સામે આવ્યા છે. સરખેજ, મણિનગર અને વટવામાં હત્યાના ત્રણ બનાવ બન્યા છે. બુધવારે મોડી રાત્રે કાંકરિયા ગેટ નંબર ૭ પાસે યુવકે કિશોરીને માથાના ભાગે બોથડ પદાર્થ મારીને ઘટના સ્થળ પર જ મૃત્યુ નીપજાવ્યું છે. ઘટનાની જાણ થતા જ મણિનગર પોલીસ સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા અને આરોપીની ધરપકડ કરી છે.



આરોપી મોહમ્મદ ઉવૈસ પઠાણની પૂછપરછ દરમિયાન સામે આવ્યું છે કે, મૃતક કિશોરી સાથે આરોપીની સગાઈ કરવામાં આવી હતી. જોકે આરોપીનો સ્વભાવ શંકાશીલ અને ઉગ્ર હોવાથી બંને વચ્ચે અવારનવાર બોલાચાલી ઝઘડો થતો હતો. જે બાબતને લઈને કિશોરીના પિતાએ આરોપીના પિતાને સગાઈ નહીં રાખવા માટેની જાણ કરી હતી. આ અંગે વાતચીત કરવા માટે આરોપી કિશોરીને તેના ઘરેથી લઈ જઈને કાંકરિયા ગેટ નંબર ૭ પાસેના પાર્કિંગમાં લઈને આવ્યો હતો. જ્યાં વાતચીત દરમિયાન આરોપી ઉગ્ર થઈ ગયો હતો. કિશોરીને માથાના ભાગે પથ્થરના ઘા મારીને ગંભીર ઈજા પહોંચાડી હતી. જેમાં કિશોરીનું ઘટના સ્થળે જ મૃત્યુ નીપજ્યું હતું. હાલમાં પોલીસે આ સમગ્ર મામલે હત્યાનો ગુનો દાખલ કરીને આરોપીની ધરપકડ કરી છે. સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરી છે.







શ્રી નરેન્દ્ર મોદી
માનનીય વડાપ્રધાન

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

ભારતની **અડગ આસ્થા, સાહસ** અને **સ્વાભિમાનનું** પ્રતીક

આ મહાશિવરાત્રીના પાવન પર્વે, દેવાધિદેવ મહાદેવને સમર્પિત પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ ધામ,
ભક્તિ, સંસ્કૃતિ અને સાધનાના દિવ્ય સંગમથી ફરી એકવાર ઝળહળી ઉઠશે.

**ઉદ્ઘાટન** **શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ** માનનીય મુખ્યમંત્રી, ગુજરાતના વરદહસ્તે

14 ફેબ્રુઆરી, 2026 | સાંજે 6:00 વાગ્યાથી સોમનાથ મંદિર પરિસર

**મુખ્ય આકર્ષણો**
પ્રખ્યાત કલાકારોનું પરફોર્મન્સ અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો
ત્રિવેણી સંગમ પર મહાઆરતી
સૅન્ડ આર્ટ ઈન્સ્ટૉલેશન

**"સનાતન સંસ્કૃતિના કેન્દ્રબિંદુ સમાન પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં મહાશિવરાત્રીનો ઉત્સવ એટલે ભક્તિ, કલા અને શ્રદ્ધાનો ત્રિવેણી સંગમ. આવો, શિવજીના ચરણોમાં વંદન કરી ધન્યતા અનુભવીએ."**

**શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત



ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ
ઉદ્યોગ ભવન, બ્લોક નં. 16,
ચોથો માળ, સેક્ટર 11,
ગાંધીનગર - 382011
gujarattourism.com